અવસાન પામેલ નિવૃત્ત સરકારી કર્મચારીના
મૂક-બધિર સંતાનને આજીવન કુટુંબ પેન્શન
આપવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : નવત/૧૩૮૭/જીઓઆઈ-૧૨/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૧/૧૨/૨૦૧૮

વંચાણે લીધા: (૧) નાણા વિભાગના તા.૦૬.૦૭.૧૯૮૯ ના ઠરાવ ક્રમાંક: નવત /૧૩૮૭ / જીઓઆઈ-૧૨/પી
(૨) નાણા વિભાગના તા.૧૧.૦૩.૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક: પરચ /૧૦૯૭ /૬૭૯ /પી
(૩) નાણા વિભાગના તા.૦૬.૧૦.૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક: નવત/૧૨૯૯/૧૧૬૦/પી
(૪) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ -૯૩ની જોગવાઇ
(૫) નાણા વિભાગના તા.૦૮.૦૪.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક: નવત/૨૦૦૧/ડી/૪૯૬/પી
(૬) નાણા વિભાગના તા.૧૫.૦૫.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦/૨૦૧૦/એમ-૧/IWDMS/૧૨૨૯૪/પી
(૭) નાણા વિભાગના તા.૧૫.૦૯.૨૦૧૦ ના જાહેરનામા ક્રમાંક: GN/36/MIS/102010-1/P
(૮) નાણા વિભાગના તા.૦૫.૦૫.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૩/ઓ-૮૯/પી

**પ્રસ્તાવના:**

ઉક્ત વંચાણે લીધેલ ઠરાવોથી અવસાન પામેલા નિવૃત્ત સરકારી કર્મચારીના શારીરિક-માનસિક અશક્ત/ અંધ સંતાનને આજીવન કુટુંબ પેન્શનનો લાભ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. પરંતુ, તેમાં જન્મથી જ મૂક- બધિર સંતાનોનો સમાવેશ કરવામાં આવેલ ન હતો. અવસાન પામેલા નિવૃત્ત સરકારી કર્મચારીના જન્મથી જ મૂક-બધિર સંતાનો કે જે આર્થિક ઉપાર્જન કરવા અશક્તિમાન છે તેવા સંતાનોને આજીવન કુટુંબ પેન્શનનો લાભ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણા બાદ ઠરાવવામાં આવે છે કે, અવસાન પામેલ નિવૃત્ત સરકારી કર્મચારીના જન્મથી જ મૂક-બધિર સંતાનો કે જે આર્થિક ઉપાર્જન કરવા માટે અશક્તિમાન છે. તેમને નાણા વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ઠરાવોની જોગવાઈઓ મુજબ આજીવન કુટુંબ પેન્શન મળવાપાત્ર થશે.

આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી કરવાનો રહેશે. અગાઉના વર્ષોનો લાભ નોશનલ ગણવાનો રહેશે.

આ અંગેની અન્ય શરતો/નિયમો વંચાણ હેઠળના તેમજ સરકારશ્રી દ્વારા આ અંગે બહાર પાડવામાં આવેલા નિયમો, ઠરાવો, સૂચનાઓ મુજબના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(કે. કે. પટેલ)
નાયબસચિવ (પેન્શન),
નાણા વિભાગ.

પ્રતિ,

**નકલ રવાના:-**

- માન. રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,

માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, લોકાયુક્ત ભવન, સેક્ટર -૧૦, ગાંધીનગર

તમામ કલેક્ટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,

નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.

નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.

સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,